# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-07-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **દેશમાં પ્રથમવાર બનેલા ઈ-બસના ઓન રૂટ સોલાર પાવર્ડ ઇલેક્ટ્રિક ચાર્જીંગ સ્ટેશનનું મુખ્યમંત્રી અમદાવાદમાં આજે ઉદ્ઘાટન કરશે.**
2. **ભરૂચ S.O.G.એ 40 લાખ રૂપિયાના હવાલાકાંડનો પર્દાફાશ કરીને ત્રણ આરોપીઓને ઝડપ્યા.**
3. **ઉત્તર ગુજરાતમાં આજે ભારે વરસાદની આગાહી , છેલ્લા 24 કલાકમાં 39 તાલુકાઓમાં વરસાદ.**
4. **વ્યસન મુક્તિ ની જાગૃતિ માટે અમદાવાદની સાબરમતી જેલમાં નાટકનું મંચન.**
5. **નવી શિક્ષણ નીતિના ઉપક્રમે છોટાઉદેપુરના બાળકોને શિક્ષણ આપવા માટે રાઠવી ભાષા સાહિત્યનું નિર્માણ કરાયું.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AHD E CHARGING STATION

અમદાવાદમાં જાહેર પરિવહન માટેની ઇલેક્ટ્રિક બસ માટે ઓન રૂટ સોલાર પાવર્ડ ઇલેક્ટ્રિક ચાર્જીંગ સ્ટેશન બનાવનાર અમદાવાદ દેશનું પ્રથમ શહેર બન્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આ સોલાર પાવર્ડ ઇલેક્ટ્રિક ચાર્જીંગ સ્ટેશનનું આજે લોકાર્પણ થશે

આરટીઓ ખાતે તેયાર થયેલા ચાર્જીંગ સ્ટેશનમાં 240 કિલોવોટ તથા 180 કિલોવોટના 2 ચાર્જર તથા 120 કિલોવોટ પાવર સોલાર સીસ્ટમનું અમલીકરણ અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું છે.

દરરોજ ઇલેક્ટ્રિક બસની માઈલેજ પૂરી થતાં ફરી ચાર્જ કરવા માટે 40 જેટલી બસને ચાર્જિંગ ડેપો સુધી મોકલવા લગભગ વાર્ષિક 60 લાખનો ખર્ચ અમદાવાદ મહાનગર નગરપાલિકાને થઈ રહ્યો છે. સોલાર પાવર્ડ ઓન રૂટ ચાર્જિંગ વિથ સોલાર પ્રોજેકટના અમલ પછી દરરોજ 40થી 45 બસો માટે ઓન રૂટ ચાર્જિંગ શક્ય બનશે.

આ ઉપરાંત 120 કિલોવોટ સોલાર પાવર સિસ્ટમથી દર વર્ષે આશરે એક લાખ 20 હજાર કિલોવોટ પાવર ઊર્જાનું ઉત્પાદન થશે

---

# BHARUCH SOG

ભરૂચ S.O.G.એ ત્રણ આરોપી ઝડપીને 40 લાખથી વધુના હવાલા રેકેટનો પર્દાફાશ કર્યો છે.

ઝામ્બીયાથી સુરત મારફતે ભરૂચ સુધી લાવવામાં આવેલા ગેરકાયદેસર હવાલાના 40 લાખ 35 હજાર 300થી વધુની રોકડ રકમ સાથે ત્રણ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા છે. આ અંગે એસઓજીના પોલીસ અધીકારી સી.કે.પટેલે જણાવ્યું હતું.

# બાઇટ- સી.કે.પટેલ , એસઓજી , ભરૂચ

---

# AHD AIR PORT GANJO

અમદાવાદ એરપોર્ટ પરથી છ કિલો કરતાં વધુ ગાંઝા સાથે એકની ધરપકડ કરાઇ છે.

અમદાવાદ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર એર ઇન્ટેલિજન્સ યુનિટ અમદાવાદના અધિકારીઓએ ગુપ્ત માહિતીના આધારે એક ભારતીય નાગરિકની ધરપકડ કરી છે. આ વ્યક્તિ એર એશિયાની ફ્લાઇટ બેંગકોકથી અમદાવાદ આવ્યો હતો.

એર ઇન્ટેલિજન્સ યુનિટના અધિકારીઓએ મુસાફરના સામાનની ઝીણવટભરી તપાસ કરતાં તેમના સામાનમાંથી લીલાશ પડતા ગઠ્ઠાવાળા પદાર્થના **24** એર ટાઇટ પેકેટ મળી આવ્યા હતા. આ પદાર્થની તાત્કાલિક તપાસ કરાતા મારિજુઆના હોવાનું સામે આવ્યું હતું. અત્યારે કુલ **6.39** કિલોગ્રામ પ્રતિબંધિત માલ જપ્ત કરવામાં આવ્યો હતો.

---

# KUVARJI BAVALIA

અમરેલી જિલ્લામાં રાજ્યના પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા અને અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયાએ ઠેબી સિંચાઈ યોજનાની ઠેબી ડેમની પહેલીવાર મુલાકાત લઈ વિસ્તૃત નિરીક્ષણ કર્યું હતું.

ઉચ્ચ અધિકારીઓ અને વિભાગીય ઈજનેરો સાથે ડેમના વર્તમાન જળસંગ્રહ, ડેમની સ્થિતિ તથા આગામી પાણી પુરવઠાની યોજના અંગે સમીક્ષા કરી માર્ગદર્શન આપ્યું હતું.

---

# LIMDI BETHAK

સુરેન્દ્રનગરના લીંબડી પ્રાંત જિલ્લા પ્રભારી સચિવ રાકેશ શંકરના અધ્યક્ષસ્થાને જિલ્લાના અધિકારીઓ સાથે એક સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં સચિવે  જિલ્લામાં વરસાદ બાદ વિવિધ વિભાગો દ્વારા હાથ ધરાયેલી કામગીરી વિશે માહિતી મેળવી હતી.વરસાદને કારણે જિલ્લામાં ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓ-પુલનું તાત્કાલિક ધોરણે સમારકામ કરવા જણાવ્યુ હતું.

જિલ્લામાં આવેલા વિવિધ પુલોની પણ ટેક્નિકલ તપાસ હાથ ધરી તેની ગુણવત્તા સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. જો કોઈ બ્રીજ બંધ કરવાની જરૂરીયાત હોય તો સત્વરે બંધ કરવા તેમજ જે તે વિભાગો હસ્તકના બ્રિજના રીપેરીંગ અંગે અને સમયાંતરે બ્રિજની ચકાસણી કરવા પણ સુચના આપી હતી.

---

# WEATHER + STATE RAIN

રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન 39 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે . જેમાં સૌથી વધુ વરસાદ દાહોદ જીલ્લાના ફતેપુરમાં દોઢ ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે. આજે વહેલી સવારે પણ અમદાવાદ સહિતના રાજ્યના અનેક વિસ્તારોમાં હળવા ઝાપટાં પડ્યા હોવાના અહેવાલ છે.

આજે ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. આ ઉપરાંત હવામાન વિભાગ દ્વારા આગામી 7 દિવસમાં ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને કચ્છમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને લઈને યેલો એલર્ટ જાહેર કરાયું હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિકએ જણાવ્યું હતું.

## બાઇટ- હવામાન વિભાગના વૈજ્ઞાનિક

---

# AHD JAIL DRAMA

વ્યનસ મુક્તિ અભિયાનને વધુ વેગવંતી બનાવીને જેલમાં રહેલા કેદીઓમાં સામાજીક સંદેશ પહોંચાડવા માટે જેલમાં એક નાટક ભજવાયું હતું..

અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે કેદીઓ માટે વ્યસનના વિષય પર એક નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. સાબરમતી સેન્ટ્રલ જેલના ડીજીપી

**ડૉ. કે.એલ.એન. રાવે કહ્યું હતું કે    નાટકનો મુખ્ય ઉદ્દેશ્ય વ્યસનના જોખમો અને વ્યક્તિઓ, પરિવારો અને સમાજ પર તેની અસરને ઉજાગર કરવાનો હતો.**

બાઇટ- કે.એલ.એન. રાવ , ડીજીપી જેલ, અમદાવાદ

---

## CHHOTAUDEPUR BHASHA

**છોટાઉદેપુર જિલ્લાના ગ્રામીણ વિસ્તારનાબાળકોને સ્થાનિક રાઠવી બોલીમાં શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.**

**રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020માં પ્રારંભિક સ્તરે બાળકોને તેમની ઘરની ભાષામાં શિક્ષણ આપવાની ભલામણ કરે છે. ત્યારે જિલ્લાની સ્થાનિક બોલીને ધ્યાને લઈ 25 જેટલા તજજ્ઞોએ રાઠવી ભાષામાંસાહિત્યનું નિર્માણ કર્યું છે.**

**આ અંગે રાઠવી બોલી ના તજજ્ઞ દિનેશ રાઠવાએ વધુ માહિતી આપી.**

**(BYTE: DINESH RATHVA ,બોલીના  રાઠવી તજજ્ઞ)**

---

## GSEB BOARD EXAM

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ    દ્વારા ધોરણ 10 પૂરક પરીક્ષા 2025નું પરિણામ ગઇકાલે જાહેર કરવામાં આવ્યું છે. લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી, તે આ પરિણામ જાહેર થઈ ગયું છે.**

જુલાઈ 2025માં રાજ્યભરના વિવિધ કેન્દ્રો પર યોજાયેલી આ પરીક્ષામાં આશરે 1.78 લાખ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે વિદ્યાર્થીઓ નિયમિત પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ શક્યા ન હતા, તેમના માટે આ પૂરક પરીક્ષા એક બીજી તક સમાન હતી. આ પરીક્ષામાં કુલ 27.61% વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થવામાં સફળ રહ્યા છે.

વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ GSEBની સત્તાવાર વેબસાઇટ www.gseb.org પરથી સરળતાથી જોઈ શકે છે. આ ઉપરાંત , ટેકનોલોજીનો ઉપયોગ કરીને , વિદ્યાર્થીઓ વોટ્સએપ નંબર 6357300971 પર પોતાનો સીટ નંબર મોકલીને પણ પોતાનું પરિણામ જાણી શકે છે.

---

## GNR VRUKSHA ROPAN

ગાંધીનગરના અગ્રણી રિયલ એસ્ટેટ ડેવલપરોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા CREDAI ગાંધીનગરની યુવા પાંખે ગઇકાલે સરગાસણ ખાતે વૃક્ષારોપણ ઝુંબેશ "પ્લાન્ટ એન્ડ પ્લેજ"નો આરંભ કર્યો છે.

ગાંધીનગરને હરિયાળુ બનાવવાના આ અભિયાનમાં CREDAIના સભ્યો , નાગરિક નેતાઓ , જાહેર અધિકારીઓ અને નાગરિકો ગાંધીનગર અને તેની આવનારી પેઢીઓ માટે હરિયાળા , સ્વસ્થ ભવિષ્યના નિર્માણના સામૂહિક ધ્યેયમાં યોગદાન આપ્યું હોવાનું ક્રેડાઇના યુવા પાંખના પદાધિકારીઓએ જણાવ્યું હતું.

ગાંધીનગરના મેયર મીરાં પટેલે કહ્યું હતું કે આ અભિયાન CREDAI ગાંધીનગરના વિકાસને પર્યાવરણની સંભાળ સાથે જોડવાના સતત પ્રયાસોને બળ આપી રહ્યું છે.

## બાઈટ - મીરાબેન પટેલ, ગાંધીનગર મનપા

---

# WATER TANK FALLDOWN

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં મોટા બારમણ ગામ નજીક પાણી પુરવઠા વિભાગની **10** લાખ લીટર ક્ષમતાની પાણી ભરેલી ટાંકી અચાનક ધરાશાયી થઈ ગઈ. આ ઘટનાને કારણે ખાંભા-નાગેશ્રી હાઈવે પર પાણી ફરી વળ્યું હોવાને કારણે હાઈવે થોડા સમય માટે બંધ કરવામાં આવ્યો હતો.

પાણી પુરવઠા વિભાગના અધિકારી ભૌતિક ઢાંકેચાના જણાવ્યા અનુસાર, આ ટાંકી લગભગ **20** વર્ષ પહેલા બનાવવામાં આવી હતી. ટાંકી અચાનક ધરાશાયી થઈ તે અંગે વિસ્તૃત તપાસ હાથ ધરવામાં આવશે.

સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી, જેના કારણે ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે.

---

# RAMOTSHAV

રાજકોટ શહેર અને ગ્રામ્યમાં આવતીકાલથી લઈને **31**મી ઓગસ્ટ સુધી શાળાકીય રમતોત્સવ યોજાશે વિવિધ સ્થળોએ કુલ **44** રમતોની સ્પર્ધાઓ યોજાશે. જેમાં **14,17,19** વયજૂથના બહેનો અને ભાઈઓ ભાગ લેશે. શાળાકીય રમતોત્સવ અંતર્ગત ઝોન કક્ષાએથી ચાર સ્પર્ધાઓ યોજાશે.

આ શાળાકીય રમતોત્સવ સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઇન્ડિયા (અખિલ ભારતીય શાળાકીય સ્પર્ધા) અંતર્ગત યોજવામાં આવે છે.

---

# BOY DEAT

ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના માછલી-ખાતળ ગામ પાસે મિલિંદ ધોધમાં ડૂબી જતા બે યુવકાના મોત થયા હતા. આ બંને યુવકો તાપી જિલ્લાના રામપુરા ગામેથી સાપુતારા ફરવા આવ્યા હતા.

બંને યુવકો મિલન ધોધમાં નાહવા પડતા ઉંડા ખાડામાં ડૂબી ગયા હતા. બાદમાં ઘણી જહેમત બાદ સ્થાનિકોની મદદથી બંને યુવકોના મૃતદેહ શોધી કઢાયા હતા.

બીજી તરફ ડાંગ પ્રશાસન દ્વારા પ્રતિબંધ મુકવામાં આવ્યો હોવા છતાં પ્રવાસીઓ ડાંગ જિલ્લામાં આવે છે અને ધોધમાં ન્હાવા જાય છે. જેને પગલે આવી કરૂણ ઘટનાઓ બનતી હોય છે.

---